ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Phone : 0278-2570110, 2570111 Email :krcscbhavnagar@yahoo.co.in Website : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 10th October, 2018

પ્રતિ,

તંત્રી શ્રી,

...............................................................................,

ભાવનગર.

**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા યોજાયેલ જીલ્લા કક્ષાના નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ-૨૦૧૮માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતી જી.એમ. ડોન્ડા પ્રાથમિક શાળા**

આજના આ યાંત્રિક યુગમાં સજીવ સુષ્ટિ અનેક વૈશ્વિક સમસ્યાઓનો સામનો કરી રહી છે તે સમસ્યાઓના ગંભીર પરિણામોને નાટક દ્વારા તાદ્રશ્ય કરી લોકજાગૃતિ માટે દર વર્ષે નેશનલ કાઉન્સિલ ઓન સાયન્સ મ્યુઝીયમ, મુંબઈ તથા નેહરુ સાયન્સ સેન્ટર દ્વારા નેશનલ સાયન્સ ગુજરાતમાં રાજ્ય કક્ષાનું સંકલન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા કરવામાં આવનાર છે, જયારે GUJCOST પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ભાવનગર જીલ્લા કક્ષાના સાયન્સ ડ્રામા ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવે છે.

આ કાર્યક્રમના ભાગરૂપે ભાવનગર જીલ્લામાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તારીખ ૦૮ ઓક્ટોબર,૨૦૧૮ ના રોજ શ્રી એ. કે. મોરડિયા હાઈ સ્કુલ, નારી ખાતે સવારે ૯.૩૦ થી ૪.૦ દરમ્યાન સાયન્સ ડ્રામા-૨૦૧૮ મુખ્ય થીમ Science and Society અને એના કુલ ૪ પેટા વિષયો પર આયોજિત કરવામાં આવેલ. આ કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહમાં નિર્ણાયક તરીકે ફરજ બજાવતા શ્રી સુભાષભાઈ જોષી( રીટાયર્ડ કર્મચારીભાવનગર), શ્રી દીપભાઈ વ્યાસ (શિક્ષક, ધનેશ મેહતા હાઇસ્કુલ,ભાવનગર) તથા સતીષભાઈ મકવાણા (શિક્ષક, જ્ઞાનગુરુ હાઇસ્કુલ,ભાવનગર) અને શ્રી અશ્વીનભાઈ પટેલ ઉપસ્થિત રહી આ કાર્યક્રમ ને સંપૂર્ણ બનાવ્યો હતો.

આ કાર્યક્રમમાં ભાવનગર જીલ્લાની કુલ ૧૧ શાળાની ટીમોના ૮૮ સ્પર્ધકો અને તેમના માર્ગદર્શક શિક્ષકશ્રી તથા અન્ય વિદ્યાર્થીઓ સહીત ૨૦૦ થી વધારે લોકોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જી.એમ. ડોન્ડા પ્રાથમિક શાળા, ભાવનગર, દ્વિતીય ક્રમે શ્રી સ્વામી નારાયણગુરુકુળ, ભાવનગર અને તૃતીય ક્રમે એ.કે. મોરડિયા હાઇસ્કુલ,નારી ની ટીમને વિજેતા જાહેર થયેલ આ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

જીલ્લા કક્ષાના સાયન્સ ડ્રામા-૨૦૧૮ માં વિજેતા થયેલ શાળા જી.એમ.ડોન્ડા પ્રાથમિક શાળા, ભાવનગરના વિદ્યાર્થીઓ આગામી દિવસોમાં યોજાનાર રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાવનગર જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડ દ્વારા વિજેતા થયેલ ટીમ ને શુભેચ્છાસહ અભિનંદન પાઠવેલ.

10-10-18

(હર્ષદ જોષી)

કો-ઓર્ડીનેટર,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.

D:\2018-19\All Letter and Press Note 2018-19 \Press of KRCSC FL 2018-19